## તંત્રીલેખ

# એશિયાનું આર્થિક એન્જિન

નાણાં પ્રધાને આર્થિક સર્વેક્ષણ ગઈકાલે લોકસભામાં રજૂ કર્યું છે. વર્લ્ડ બેંકે ૨૦૨૬ના વર્ષમાં દક્ષિણ એશિયા માટે તેની વૃદ્ધિનું અનુમાન અગાઉના ૬%ના અંદાજથી વધારીને ૬.૪% કર્યું છે. પાકિસ્તાન, શ્રીલંકા અને માલદીવ જેવા દેશોમાં નોંધપાત્ર આર્થિક સંઘર્ષો છતાં આ પ્રગતિની ગતિ થઇ રહી છે. તેનું કારણ ભારતનું મજબૂત માર્કેટ છે. ભારત, એશિયાના આ ભાગની સૌથી મોટી અર્થવ્યવસ્થા હોવાને કારણે, દક્ષિણ એશિયાની એકંદર આર્થિક સંભાવનાઓને સ્થિર અને ઉત્થાન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતનું પોતાનું અનુમાન હવે ૭%નો આર્થિક દર છે. જે બહુ ઓછું ન કહેવાય. વર્લ્ડ બેંક આ આશાવાદનો શ્રેય કૃષિ જેવા ક્ષેત્રોમાં મજબૂત રિકવરી અને ખાનગી કંપનીઓની થઇ રહેલી વૃદ્ધિને આપે છે. ભારતીય અર્થવ્યવસ્થા સદ્ધર થઇ રહેલા મધ્યમવર્ગને કારણે મહદઅંશે ચાલે છે. આપણી માર્કેટમાં ગ્રાહકો માલ અને સેવાઓ પર જે ખર્ચ કરે છે તેના કારણે વ્યવસાયિક પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે છે.

બીજી તરફ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (ઈંમૈં) એ આ વર્ષ માટે ૭.૨% જેટલી જીડીપીની વૃદ્ધિનું થોડું વધુ આશાવાદી અનુમાન જાળવી રાખ્યું છે, જે વૈશ્વિક અનિશ્ચિતતાઓનો સામનો કરવાની ભારતની ક્ષમતામાં વિશ્વાસ દર્શાવે છે. દક્ષિણ એશિયા માટે વિશ્વ બેંકના વાઈસ પ્રેસિડેન્ટ આ ક્ષેત્રની આર્થિક સ્થિતિસ્થાપકતામાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડયો અને કહ્યું કે ભારતનો ઉભરતો ગ્રાહક વર્ગ એક પ્રેરક બળ છે. શ્રીલંકા અને પાકિસ્તાનની સ્થિતિ ધીમે ધીમે સુધરી રહી છે. નેપાળ અને ભૂતાનના પ્રવાસનમાં તેજી આવી રહી છે.'

પાકિસ્તાન અને શ્રીલંકા આર્થિક તોફાનોનો સામનો કરી રહ્યા છે. પાકિસ્તાન ઊંચો ફુગાવો અને ઘટતી વિદેશી હૂંડિયામણના અનામતને કારણે સંઘર્ષ કરી રહ્યું છે, જ્યારે શ્રીલંકા ગંભીર દેવાની કટોકટીનો સામનો કરી રહ્યું છે. વર્લ્ડ બેંકનો અંદાજ છે કે પાકિસ્તાનની અર્થવ્યવસ્થા ચાલુ નાણાકીય વર્ષમાં ૨.૮ ટકાના દરે વૃદ્ધિ પામશે, જે તેના ૨.૩ ટકાના પ્રારંભિક અનુમાન કરતાં થોડો સુધારો છે.

દરમિયાન, શ્રીલંકાએ નોંધપાત્ર સુધારાનો માર્ગ દર્શાવ્યો છે. તેની પર ચડેલા દેણાને કારણે ડિફોલ્ટ થયા પછી અને દાયકાઓમાં તેની સૌથી ખરાબ આર્થિક કટોકટીનો અનુભવ કર્યા પછી, આ વર્ષ માટે દેશની વૃદ્ધિનું અનુમાન સુધારીને ૪.૪% કરવામાં આવ્યું છે. દેણાની ચુકવણી અને અર્થતંત્રને સ્થિર કરવાના પ્રયાસો સાથે, શ્રીલંકાનો હેતુ ભાવિ વૃદ્ધિ માટે મજબૂત પાયો બનાવવાનો છે. આ ક્ષેત્રની નાની અર્થવ્યવસ્થાઓ જેવી કે નેપાળ અને ભૂતાન પણ પ્રવાસન આધારિત વૃદ્ધિના સંકેતો દર્શાવે છે. જુલાઈના મધ્યમાં શરૂ થતા નાણાકીય વર્ષ માટે નેપાળનો વિકાસ અનુમાન ૪.૬% થી વધારીને ૫.૧% કરવામાં આવ્યો છે. ભૂતાન વધુ નોંધપાત્ર વૃદ્ધિના માર્ગે છે, તેના વિકાસ દરની આગાહી ૫.૭% થી વધારીને ૭.૨% કરવામાં આવી છે.

આ દેશો પાછલાં વરસો દરમિયાન ભાંગી પડયા હતા. હવે પ્રવાસનના કારણે તેમને ફાયદો થઇ રહ્યો છે. તેના કારણે દેશના અર્થતંત્ર માટે ખૂબ જ જરૂરી વિદેશી હૂંડિયામણ જમા થતું રહે છે. સર્વિસ સેક્ટરમાં નવી નોકરીઓની તકો ઉભી થતી રહે છે. દક્ષિણ એશિયાના દેશોમાં સકારાત્મક વૃદ્ધિનું વલણ જોવા મળી રહ્યું છે, ત્યારે બાંગ્લાદેશ એવા પડકારોનો સામનો કરી રહ્યું છે જેના કારણે તેના વિકાસના દરના અનુમાનમાં ઘટાડો થયો છે. વર્લ્ડ બેંકનો અંદાજ છે કે બાંગ્લાદેશની અર્થવ્યવસ્થા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે ૪% વૃદ્ધિ પામશે, જે અગાઉના ૫.૭%ના અંદાજથી નીચે કહેવાય. સામાજિક અશાંતિ વચ્ચે - બાંગ્લાદેશ માટે મુખ્ય ક્ષેત્ર - વસ્ત્રોની નિકાસની માંગમાં ઘટાડો થવાને કારણે તે દેશમાં મંદી છે.

દક્ષિણ એશિયાના આર્થિક ભવિષ્ય માટે વર્લ્ડ બેંકની મુખ્ય ભલામણોમાંની એક શ્રમ દળમાં મહિલાઓની ભાગીદારી વધારવી છે, જે હાલમાં માત્ર ૩૨% છે, જે ખૂબ ઓછી કહેવાય. સ્ત્રી રોજગારના દરમાં પુરૂષોના દરની સમાનતા વધારવાથી પ્રદેશના આર્થિક ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. વર્લ્ડ બેંક આ બિનઉપયોગી કાર્યબળની સંભવિતતા પર ભાર મૂકે છે, કહે છે કે વર્કફોર્સમાં વધુ મહિલાઓનો સમાવેશ કરવાથી દક્ષિણ એશિયાની ઉત્પાદન ક્ષમતામાં જબરદસ્ત વધારો થઈ શકે છે, વૃદ્ધિને વેગ મળે છે અને અર્થતંત્રની સ્થિતિસ્થાપકતામાં વધારો થઈ શકે છે.ઘણા પડકારોનો સામનો કરવા છતાં, વર્લ્ડ બેંકના મૂલ્યાંકનમાં દક્ષિણ એશિયા સૌથી ઝડપથી વિકસતું ઉભરતું અર્થતંત્ર ક્ષેત્ર છે.

# ભરૂચના આમોદ તાલુકાના રેવા સુગર ગ્રાઉન્ડ, ભીમપુરા ખાતે ૭૭માં ગણતંત્ર દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઈ











સમગ્ર દેશમાં થઇ રહેલી ૭૭માં ગણતંત્ર દિનની ઉજવણી અંતર્ગત ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં આવેલા રેવા સુગર ગ્રાઉન્ડ, ભીમપુરા ખાતે જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના ગણતંત્ર દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

રાષ્ટ્રની આન, બાન અને શાન શમા તિરંગાને સલામી આપી કલેકટર મકવાણાએ રાષ્ટ્ર કાજે પોતાના પ્રાણોની આહુતિ આપનાર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને લોહપુરુષ સરદાર પટેલને આદરપૂર્વક યાદ કરી આઝાદીની ચળવળમાં ભરૂચ જિલ્લાના બહુમૂલ્ય યોગદાનને બિરદાવી જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાની ડૉ.કનૈયાલાલ મુનશી, છોટુભાઈ પુરાણી, ચંદુભાઈ દેસાઈ, દિનકરભાઈ દેસાઈ, કમળાશંકર પંડયા, ચંદ્રશંકર ભટ્ટ જેવા લોકનેતાઓએ આઝાદીની લડતમાં ભાગ લઇ ભરૂચ જિલ્લાને અનેરૂં ગૌરવ અપાવ્યું હતું એમ જણાવી આ સ્વાતંત્ર્યવીરોએ ગાંધીજી દ્વારા નિર્દેશિત રચનાત્મક કાર્યક્રમના અમલથી લોકજાગૃતિની પ્રવૃત્તિઓ કરી પ્રત્યેક તાલુકાઓમાં સ્થાનિક નેતાગીરી મારફત સ્વાતંત્ર્ય લડતોમાં ભાગ લઈને લોકોમાં રાજકીય તેમજ રાષ્ટ્રીય ચેતના પ્રગટાવી હોવાનું જણાવ્યું હતું.

તેમણે દેશને આત્મનિર્ભર બનાવવા માટે આપણે સૌએ સ્વદેશીનો આગ્રહ રાખવો પડશે તોજ વોકલ ફોર લોકલની વિભાવનાને સાચા અર્થમાં સાકાર કરી શકીશું એમ કહી તેમણે હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના સંકલ્પને સાચા અર્થમાં ચરિતાર્થ કરવો પડશે એમ જણાવ્યું હતું. વધુમાં તેમણે કમોસમી વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા ખેડૂતો માટે સરકાર દ્વારા જાહેર કરેલા કૃષિ રાહત પેકેજ અંતર્ગત ભરૂચ જિલ્લાના ૯૪ હજાર ખેડુતોને રૂપિયા ૨૯૫ કરોડની સહાય આપવામાં આવી છે એમ કહી સરકારની ખેડૂત હિતલક્ષી નીતિની સરાહના કરી હતી.

વિકાસના ત્રણ સ્થંભ કૃષિ, ઉદ્યોગ અને સેવા આ ત્રણેય ક્ષેત્રના સમન્વય થકી ભરૂચ જિલ્લો વિકાસની હરણફાળ ભરી રહ્યો છે એમ જણાવી તેમણે જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસોથી જિલ્લો વિકાસના નિતનવા આયામો સર કરી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

જિલ્લામાં થઇ રહેલા વિકાસની ઝાંખી રજૂ કરતા તેમણે કહ્યું હતું કે, જંબુસર તાલુકામાં રૂા. ૨,૫૦૬ કરોડના ખર્ચે ૨,૦૦૦ એકરમાં નિર્માણાધિન બલ્ક ડ્રગ પાર્ક, અંદાજિત રૂા. ૫,૫૦૦ કરોડનો ભાડભૂત બેરેજ અને આ પ્રકલ્પો સાકાર થવાથી થનારા ફાયદાઓ અંગે વિગતે વાત કરી હતી. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે- તથા અંકલેશ્વરમાં આકાર લેતું એરપોર્ટ ભરૂચને સીધું જ વૈશ્વિક બજાર સાથે જોડી દેશે. અને જ્યારે બુલેટ ટ્રેન થકી મુંબઈ જેવી મેટ્રોસીટીઝ સાથેની કનેક્ટીવિટીથી ભરૂચના વિકાસમાં એક નવી ક્રાંતિનો સૂર્યોદય થશે. આ ઉપરાંત રાજ્ય સરકાર અને કેંદ્રના સંયુક્ત પ્રયાસોથી અંકલેશ્વર, પાનોલી, ઝગડીયા, ભરૂચ, પાલેજ અને વાલિયા જેવા ઔદ્યોગિક નિર્દિષ્ટ વિસ્તારોમાં આવતા ગામડાંઓમાં પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ કરવા માટે રૂા. ૫૧.૨૬ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી હોવાનું કહી ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન દ્નારા જિલ્લાના ખાણ- ખનીજથી અસરગ્રસ્ત પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રભાવિત વિસ્તારોમાં માળખાકીય લોકસુખાકારીના કામો (DMF) દ્વારા કુલ રૂા. ૩૯.૬૨ કરોડની માતબર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ ભંડોળનો ઉપયોગ રોડ, વીજળી, આરોગ્ય, પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, અને શૈક્ષણિક સુવિધાઓ જેવી પાયાની જરૂરિયાતો પુરી કરવા માટેના કામો કરવામાં આવશે એમ જણાવ્યું હતું.

જિલ્લામાં થઇ રહેલા વિકાસ અંગે વધુ વાત કરતા તેમણે સામાજિક વનિકરણ વિભાગ દ્નારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજંયતિ નિમિત્તે સરદાર સ્મૃતિવનનું નિર્માણ અંતર્ગત ૨૧ હેક્ટરમાં ૧૦ જેટલા વન કવચ વિકસાવવામાં આવ્યા છે. ભરૂચ અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા રૂપિયા ૧૫૯.૨૯ કરોડના ખર્ચે માળખાકીય સુવિધાઓના વિકાસ માટેનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત ભરૂચ, વાગરા અને જંબુસર ખાતે નવા જનસેવા કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા હોવાનું કહી તેમણે અંકલેશ્વર ખાતે રૂપિયા ૬.૯૦ કરોડના ખર્ચે તાલુકા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવામાં આવ્યું છે તેમજ રૂપિયા ૧૦ કરોડના ખર્ચે ભરૂચ ખાતે જિલ્લા કક્ષાનું સ્પોર્ટ કોમ્પલેક્ષ આકાર લઇ રહ્યું હોવાનું જણાવ્યું હતું. વધુ વાત કરતા તેમણે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા ૧૬૨૫ કરોડના ખર્ચે ૨૪૬ કિલોમીટરના ૧૮ કામો પૈકી ૬ કામો પૂર્ણ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા કલેકટર અને અન્ય મહાનુભાવો દ્વારા વિવિધ ક્ષેત્રે વિશેષ સિધ્ધિ હાંસલ કરનાર વ્યક્તિ વિશેષનું સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લાના જુદા જુદા વિભાગો દ્વારા યોજનાઓની જીવંત ઝાંખી પ્રસ્તુત કરતા ટેબ્લોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લા કલેકટરે જિલ્લા કક્ષાની ઉજવણી સાચા અર્થમાં વિકાસોત્સવ બની રહે એ માટે પ્રાંત અધિકારીને રૂપિયા ૨૫ લાખનો ચેક આમોદ તાલુકાના વિકાસકામો માટે એનાયત કર્યો હતો.

પોલીસ વિભાગ દ્વારા રજૂ કરવામાં પરેડ, માર્ચ પાસ્ટ અને ડોગ શો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. વિવિધ શાળાના બાળકોએ રંગા રંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

પરેડ, ટેબ્લો અને સાંસ્કૃતિક કૃતિઓ પૈકી પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમે આવેલ કૃતિઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરનાર શાળાના બાળકોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. "કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વશ્રી રમેશભાઈ મિસ્ત્રી, ડી. કે સ્વામી, રિતેશભાઈ વસાવા, જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ, પ્રોબેશનર આઈ.એ.એસ. સુશ્રી નેહા, ઈન્ચાર્જ અધિક નિવાસી કલેકટર પાર્થ જયસ્વાલ, પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયા, અગ્રણી પ્રકાશ મોદી, જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીઓ, પ્રજાજનો અને સંબધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા નાના ઉદ્યોગો માટે પેસો લાયસન્સ લેવા માટેની મર્યાદામાં વધારો કરવા રજુઆત

વર્ષોથી કાર્યરત નાના ઉદ્યોગો તેમજ નવા સ્થાપિત થતા નાના ઉદ્યોગો માટે પેસો લાયસન્સ લેવું વ્યવહારુ નથી. તેથી નાના ઉદ્યોગોને પેસો લાયસન્સમાંથી યોગ્ય છૂટછાટ આપવામાં આવે તેવી રજુઆત લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા સરકારને કરવામાં આવી હતી.

લઘુ ઉદ્યોગ ભારતીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બળદેવભાઈ પ્રજાપતિ તેમજ ગુજરાતના અધ્યક્ષ ઈશ્વરભાઈ પટેલ તેમજ અન્ય સભ્યો દ્વારા નાના ઉદ્યોગોમાં મિથેનોલ બાબતે પેસો લાયસન્સ અને હાલના ચાલુ ઉદ્યોગોના રીન્યુઅલ અંગેની સમસ્યાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે બે વખત મુલાકાત કરવામાં આવી હતી.

નાના ઉદ્યોગો માટે મિથેનોલ જેવા કેમિકલ માટે સ્ટોરેજની જે મર્યાદા છે તે ખુબજ ઓછી છે. જેને લઈને નાના ઉદ્યોગોને ખૂબ જ તકલીફનો સામનો કરવો પડે છે. આથી પેસો લાયસન્સ લેવા માટે જે મર્યાદા છે તેમાં વધારો કરવામાં આવે. તેવી ઉધોગોની માંગ છે.

અગાઉ નાના ઉદ્યોગો માટે એલટી લાયસન્સ માટે ૧૦૦ દ્દક્ર મર્યાદા હતી તેને લઈને ઉદ્યોગોને તકલીફ પડતી હતી. તેથી સરકારે એલટી કનેક્શનની મર્યાદામાં ૧૫૦ દ્દક્ર વધારો કરીને ઉદ્યોગોને રાહત આપી હતી. તેવી જ રીતે પેસો લાયસન્સ માટેની મર્યાદામાં વધારો કરીને ઉદ્યોગોનો પ્રશ્ન હાલ કરવામાં આવે તેવી અપેક્ષા છે.

લઘુ ઉદ્યોગ ભારતીના ભરૂચ જિલ્લાના સેક્રેટરી જણાવ્યું હતું કે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના મુખ્ય સચિવની હાજરીમાં અમને જણાવવામાં આવ્યું હતું કે લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાનમાં લઈને આ બાબતે તાત્કાલિક વિચારણા કરીને નિર્ણય લેવામાં આવશે.

## દહેજ ખાતે સુદીપ ફાર્મા આયર્ન ફોસ્ફેટનું ૧ લાખ મેટ્રિકટન ઉત્પાદન કરશે

સુદીપ ફાર્મા લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, સુદીપ એડવાન્સ્ડ મટીરિયલ્સે, ભવિષ્યની બેટરી ટેકનોલોજી માટે મહત્વપૂર્ણ બેટરી સામગ્રીના ઉત્પાદન માટે GIDC દહેજ ૩ વિસ્તારમાં તેના નવા ઉત્પાદન એકમની સ્થાપના માટે સત્તાવાર રીતે ૮૦,૮૫૦ ચોરસ મીટર જમીન સંપાદિત કરી છે. આ ઉત્પાદન એકમ ખાસ કરીને લિથિયમ આયર્ન ફોસ્ફેટ (LFP) બેટરી માટે જરૂરી આયર્ન ફોસ્ફેટના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ મહત્વપૂર્ણ સીમાચિહ્નને ચિહ્નિત કરવા માટે, કંપની મેનેજમેન્ટ દ્વારા ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ વસંત પંચમીના શુભ પ્રસંગે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

નવો ઉત્પાદન પ્લાન્ટ સંબંધિત સરકાર અને નિયમનકારી મંજૂરીઓને આધીન કાર્યરત કરવામાં આવશે. કંપનીનો હેતુ ૨૦૨૭ ની શરૂઆતમાં પ્લાન્ટ કાર્યરત કરવાનો છે. એકવાર સંપૂર્ણ રીતે વિકસિત થયા પછી, પ્લાન્ટ દર વર્ષે આશરે ૧૦૦,૦૦૦ મેટ્રિક ટન આયર્ન ફોસ્ફેટનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવશે. જ્યારે પ્રથમ તબક્કો, જે ૨૦૨૭ ની શરૂઆતમાં પૂર્ણ થવાની ધારણા છે, તેની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૨૫,૦૦૦ મેટ્રિક ટન હશે.

આ પહેલ સાથે, સુદીપ એડવાન્સ્ડ મટીરિયલ્સ ચીનની બહાર વ્યાપારી ધોરણે આયર્ન ફોસ્ફેટના ઉત્પાદન માટે ઉત્પાદન એકમ શરૂ કરનારી વિશ્વની પ્રથમ કંપની બનવા તરફ આગળ વધી રહી છે. આ મહત્વપૂર્ણ પગલું કંપનીને વૈશ્વિક સ્પર્ધામાં એક અનોખી ઓળખ અને સ્પર્ધાત્મક લાભ આપશે, તેમજ ભવિષ્યની ટકાઉ અને ગ્રીન એનર્જી ટેકનોલોજી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે.

આ પ્રોજેક્ટ માત્ર કંપની માટે જ નહીં, પરંતુ પ્રદેશ અને દેશ માટે પણ રોજગાર સર્જન, ઔદ્યોગિક વિકાસ અને ટેકનોલોજીકલ પ્રગતિ માટે નવી તકો ખોલશે. સુદીપ એડવાન્સ્ડ મટીરિયલ્સનું આ પગલું ભારતને વૈશ્વિક બેટરી સામગ્રી ઉત્પાદન ક્ષેત્રમાં એક મુખ્ય ખેલાડી તરીકે સ્થાન આપવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

## GSFCએ વડોદરા સ્થિત યુનિટમાં સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટનું કમિશનિંગ કર્યું

ગુજરાત સરકારની માલિકીની ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ (GSFC)એ વડોદરાના ફર્ટિલાઈઝર નગર યુનિટ ખાતે નવા સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટનું સફળ કમિશનિંગ થયું હોવાનું જાહેર કર્યું છે. આ સાથે પ્લાન્ટમાં વાણિજ્યિક ઉત્પાદનનો આરંભ થયો છે.

૬૦૦ ટન પ્રતિ દિવસ ક્ષમતાવાળા આ પ્લાન્ટ એમોનિયમ સલ્ફેટ તથા એમોનિયમ ફોસ્ફેટ સલ્ફેટ જેવા ખાતરનું ઉત્પાદન માટે જરૂરી સલ્ફ્યુરિક એસિડ ની આંતરિક માંગ પૂરી કરશે. આ સુવિધામાં ઉત્પન્ન થતી સ્ટીમ નો વડોદરા કોમ્પ્લેક્સ ની અંદર પુનઃઉપયોગ કરવામાં આવશે. જેના કારણે સ્ટીમ ઉત્પાદન માટે વપરાતી નેચરલ ગેસ ની ખપત ઘટશે અને તેના પરિણામે કુલ ઊર્જા ખર્ચમાં ઘટાડો થશે.

ખાતર અને કેમિકલ ક્ષેત્રમાં અગ્રણી ઉત્પાદક તરીકે GSFC ઘરેલુ તેમજ ઔદ્યોગિક બજારમાં વધતી માંગને પહોંચી વળવા પોતાની મેન્યુફેક્ચરિંગ ક્ષમતાનો સતત વધારો કરી રહી છે.

કંપનીની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી મુજબ, GSFC વડોદરામાં પહેલેથી જ 1,350 TPD તથા 400 TPD ક્ષમતાવાળા બે સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટનું સંચાલન કરી રહી છે.

## દહેજ ખાતે દીપક મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કરાયું




દહેજ ખાતે દિપક ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત ૫૦ પથારીની ક્ષમતા ધરાવતી દીપક મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું છે, આ વિસ્તારમાં એક સારી હોસ્પિટલ કાર્યરત હોય તેવી લોકોની મેગ હતી. લોકોને સારવાર માટે ૫૫ કિલોમીટર દૂર ભરૂચ શહેરમાં જવું પડતું હતું. તેમાંય ખાસ કરીને કંપનીમાં અકસ્માત સમયે કે પછી સ્થાનિકોને કોઈ ઈમર્જન્સી હોય ત્યારે પરિસ્થિતિ ગંભીર બની જતી હતી. હવે ઘર આંધને ઝડપી સારવાર મળી રહેશે.

આ પ્રસંગે વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રણા, CDHO ડો. મુનિરા શુક્લા અને દીપક ફાઉન્ડેશનના ટ્રસ્ટી ડો.રુચિ મહેતા, જીએફએલ હેડ ડો.સુનીલ ભટ્ટ, દીપક નાઈટ્રેટના નિર્મલસિંહ યાદવની ઉપસ્થિતિમાં આ હોસ્પિટલ ખુલ્લી મૂકવામાં આવી હતી.

દીપક ગ્રુપની ઝજીઇ પહેલ હેઠળ નિર્મિત આ હોસ્પિટલમાં એડ્વાન્સ્ડ ટ્રોમા સેન્ટર, આઈસીયુ (ICU), અને ખાસ કરીને ઔદ્યોગિક અકસ્માતો તેમજ દાઝેલા દર્દીઓની સારવાર માટે વિશેષ વિભાગો કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જનરલ સર્જરી, ઓર્થોપેડિક, સ્ત્રીરોગ, આંખ, નાક-કાન-ગળું (ENT) અને ચામડીના રોગોની સારવાર જેવી સુવિધાઓ એક જ છત નીચે ઉપલબ્ધ થશે. જે અહીં વસતા શ્રમિકો અને આસપાસના ગામોના રહીશો માટે આશીર્વાદરૂપ બનશે.




## સાયખા GIDCની આલ્કેમી ફાઈનકેમમાં સાયલોમાંથી ગરમ એશ પડતા ચાર કર્મચારીઓ ગંભીર રીતે દાઝ્યા

સાયખા GIDCમાં આવેલ આલ્કેમી ફાઈનકેમ કંપનીમાં ૨૩ મી જાન્યુઆરીએ બોઈલરના રિપેરિંગ વખતે ગરમ એશ પડતા ૪ કર્મચારીઓ ગંભીર રીતે દાઝ્યા ગયા હતા. બોઈલર વિભાગમાં રિપેરિંગ કામગીરી દરમિયાન અચાનક ગરમ એશ (રાખ) પડતા ૪ મિકેનિકલ કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. તમામ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાહતા.

કંપનીના બોઈલર વિભાગમાં બટરફલાય વાલ્વ અને વાઈબ્રેટરના બોલ્ટ ઢીલા થઈ જવાથી તે ડિસ-લોકેટ થયા હતા. આ ખામી સુધારવા માટે મિકેનિકલ ટીમની રાત્રે લગભગ ૧:૧૦ કલાકે કામગીરી કરી રહી હતી. આ ટીમમાં નિરંજન યાદવ, દિગ્વિજયસિંહ રાણા, અમિતસિંહ અને રાહિલ મોહમ્મદ સૈયદ કામ કરતા હતા.એ વેળા રિપેરિંગ દરમિયાન અચાનક બટરફલાય વાલ્વ પોતાની જગ્યાએથી નીકળી ગયો હતો. જેના કારણે સાયલોમાં સંગ્રહિત અત્યંત ગરમ એશ સીધી રીતે ત્યાં કામ કરી રહેલા ચારેય કર્મચારીઓ પર પડી હતી. ગરમ એશની લપેટમાં આવતા ચારેય શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેને પગલે કંપની પરિસરમાં અફરાતફરી મચી ગઈ હતી.ઘટના બાદ તાત્કાલિક તમામ ઈજાગ્રસ્તોને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જોકે, તેમની હાલત અત્યંત નાજુક જણાતા પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે વડોદરાની ભાઈલાલ અમીન હોસ્પિટલમાં રિફર. કરવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા જ વાગરા પોલીસ, ફેક્ટરી ઈન્સ્પેક્ટર અને સંબંધિત. સરકારી તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.




ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# COD ના સેમ્પલ એનાલિસિસ વખતે ઉપયોગમાં લેવાતો મરક્યુરી સલ્ફેટ COD ના સાચા પરિણામો બનાવવામાં બાધારૂપ છે...



COD ના સેમ્પલ એનાલિસિસ વખતે ઉપયોગમાં લેવાતો મરક્યુરી સલ્ફેટ સોડિયમ ક્લોરાઇડ સાથે રિએકશન કરી મરક્યુરી ક્લોરાઇડ બનાવે છે અને મરક્યુરી ક્લોરાઇડની હાજરી COD બતાવે છે. આ લેબોરેટરી એનાલિસિસ દ્વારા સાબિત થઇ ગયું હોવા છતાં પણ વર્ષોથી ચાલી આવતી ખોટી મેથડમાં સુધારો કરવાનું સાહસ બતાવવા કોઈ તૈયાર નથી. એનો ગેરલાભ ઉદ્યોગકારોને થાય છે તેઓ ખોટા COD ના પરિણામોને લઈને દંડાઈ રહ્યા છે. સાથે સાથે મર્ક્યુરીનો ઉપયોગ પણ પર્યાવરણ માટે ઘાતક છે.

નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના ચેરમેન અને નંદેસરી એન્વાયરોના બાબુભાઇ પટેલ વર્ષોથી ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલ છે. તેઓ ૬૦ વર્ષ ઉપરનો ઈન્ડસ્ટ્રીઝનો અનુભવ ધરાવે છે. તેમને એક બાબત સાબિત કરી છે કે સેમ્પલમાં જયારે COD નું એનાલિસીસ કરવામાં આવે ત્યારે તે માટે વપરાતો મરક્યુરી સલ્ફેટ સોડિયમ ક્લોરાઇડ સાથે રિએકશન કરીને મરક્યુરી ક્લોરાઇડ બનાવે છે અને આ મરક્યુરી ક્લોરાઇડ COD બતાવે છે. વાસ્તવમાં સોડિયમ ક્લોરાઇડ ઈન ઓર્ગેનિક્સ પ્રોડક્ટ છે પરંતુ તે COD માટે જવાબદાર છે.

આ બાબતની રજુઆત તેમને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ માં કરી. તેમજ બીજી લગતી વળગતી સરકારી કચેરીઓમાં કરી. તેમને ડિસ્ટીલ વોટરમાં લેબોરેટરી ગ્રેડ સોડિયમ સોલ્ટ અલગ અલગ માત્રામાં નાખીને અજાણ્યા (UN -KNOWN) સેમ્પલ તરીકે આપ્યા. સેમ્પલના પરિણામમાં સૌએ અલગ અલગ રિઝલ્ટ આપ્યા. સૌએ તેમાં COD હોવાનું દર્શાવ્યું. અત્યારે જે મેથડ ચાલી રહી છે તે પ્રમાણે તેમાં COD ના બતાવવા જોઈએ.

બાબુભાઇ પટેલે જણાવ્યું કે એવું થવા પાછળનું કારણ મરક્યુરી સલ્ફેટ COD બતાવે છે તે છે. એટલેકે અત્યારે COD એનાલિસિસ માટેની જે પદ્ધતિ છે તે સચોટ નથી. તેમની આ રજુઆત પછી હડકંપ મચી ગયો.

સેમ્પલ એનાલીસીસ વખતે વપરાતો મરકયુરી સલ્ફેટ અને તેનાથી બનતો મરક્યુરી ક્લોરાઇડ પર્યાવરણ માટે ખૂબ જ હાનિકારક છે. GPCB, CPCB ની લેબોરેટરીમાં દિવસના સેંકડો સેમ્પલ એનાલિસિસ થાય છે. તે બધાનો મરક્યુરી છેલ્લે જમીનમાં જાય છે જે પર્યાવરણ માટે હાનિકારક છે.

બાબુભાઇ પટેલની વાત અંદરથી તો બધાંયને સમજાઈ ગઈ પરંતુ તેને આખરી ઓપ આપવા કોઈ તૈયાર નથી. અંતે ૨૦૦૦ થી ઉપર COD હોય તો આ મેથડનો ઉપયોગ ના કરવો તેવું નક્કી થયું. બાબુભાઈએ તેનો પણ વિરોધ ઉઠાવ્યો . તેમને કહ્યું કે ૨૦૦૦ કરતા ઓછા COD માટે પણ તે મેથડ ખોટી છે.

તેમને NIRI માં પોતાનો પ્રશ્ન રાખ્યો. NIRI એ પણ 0.5, 1.0, 1.5, 2.0 ML સોડિયમ ક્લોરાઇડ લઇ સેમ્પલ એનાલીસીસ કર્યા . તેમને પણ તેમાં COD બતાવ્યો. રાવે કહ્યું કે અમારી સામે એવો ક્રિટિકલ પ્રશ્ન પ્રથમ વખત સામે આવ્યો છે. અમારા ડાઈરેક્ટર પણ અચંબામાં છે. તેમણે નવી મેથડને TRUE COD નામ આપ્યું.

સેન્ટ્રલ પોલ્યૂશન કંટ્રોલ બોર્ડમાં મુખ્ય અધિકારી ડો. નટરાજનને આ પ્રશ્ન માટે બાબુભાઇ મળવા ગયા હતા. તેમણે કહ્યું કે આ વિભાગ સંભળાતા ગુરુપ્રસાદને આ વિષય આગળ કાર્યવાહી કરવા જણાવ્યું. તેમણે પણ વાત માની પરંતુ તેમને રિઝલ્ટ જોયા પછી વધારે COD વાળા સેમ્પલ માટે ડાઈલ્યુશન મેથડ અપનાવવા કહ્યું. જેમાં ઓર્ગેનિક મટીરીયલ તરતું પણ હોય તેનું ડાયલુશન કઈ રીતે કરી શકાય ? કારણકે તે તો ઉપર તરતું જ હોય.

ગુજરાત સરકારમાં પોલ્યુશન લોડ વધતો ન હોય તો પ્રોડક્ટ ચેન્જને મંજૂરી આપવા માટેની કમિટી છે. તેમાં GPCB ના ચેરમેન, મેમ્બર સેક્રેટરી અને અન્ય ટેકનીકલ નિષ્ણાતો હોય છે. ત્યાં ખૂબ જ અસરકારક રજુઆત કરવામાં આવી હતી. તેમની રજૂઆતથી તેઓ તેમને લાગ્યું હતું કે તેમની વાત માં સચોટતા છે.

તેમને તે બાબતમાં સત્યને સ્વીકાર્યું પરંતુ કોઈ પોતાના માથે જવાબદારી લેવા તૈયાર નથી.

અત્યારે તો આ પ્રશ્ન જૈસે થઈ છે.




# નંદેસરીના બાબુભાઈ પટેલને ISAS આત્મનિર્ભરતા એવાર્ડ -૨૦૨૫ એનાયત કરાયો



કર્ણાટકના બેલગાવીના શિવબસવનગર ખાતે ૨૨-૨૪ જાન્યુઆરી દરમ્યાન ઈન્ટરનેશનલ એનાલિટિકલ સાયન્સ કોંગ્રેસ (IASC - ૨૦૨૬) નું આયોજન કરાયું હતું. જેમાં નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના ચેરમેન બાબુભાઇ પટેલને ઈન્ડીયન સોસાયટી ઓફ એનાલિટિકલ સાયન્ટીસ્ટ, મુંબઈ દ્વારા ISAS આત્મનિર્ભરતા એવાર્ડ -૨૦૨૫ એનાયત કરવામાં આવ્યો.

એવોર્ડ નિર્ધારીત કરનાર જ્યુરીમાં ઈન્ડિયન સોસાયટી ઑફ એનાલિટિકલ સાયન્ટિસ્ટ્સ (ISAS)ના ચેરમેન તથા એવોર્ડ કમિટીના સભ્યો અને તિરુવનંતપુરના વિક્રમ સારાભાઈ સ્પેસ ઈન્સ્ટિટ્યૂટના વૈજ્ઞાનિકો સામેલ હતા.

ISAS એ ભારતના વિવિધ વિષયના વૈજ્ઞાનિકો ટેક્નોલોજીસ્ટનો મંચ છે. તેમણે પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે ઔદ્યોગિક ગંદા પાણીની ટ્રીટમેન્ટ ટેક્નોલોજી, પ્રદૂષણ નિયંત્રણ તથા સર્ક્યુલર ઈકોનોમીના અમલીકરણ ક્ષેત્રે આપના મૂલ્યવાન યોગદાનને હૃદયપૂર્વક સરાહે છે. જ્યારે દેશ સ્વાતંત્ર્યના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધીમાં મોટા વિકાસલક્ષી લક્ષ્યો હાંસલ કરવાની યોજના બનાવી રહ્યો છે ત્યારે ISAS આપને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી પર્યાવરણ નિષ્ણાત તરીકે તથા ભારતીય વિજ્ઞાન અને ટેક્નોલોજીના વધુ વિકાસ માટે એક મહત્ત્વપૂર્ણ ''ભારતીય જ્ઞાન સંપત્તિ'' (Great Indian Knowledge Asset ) તરીકે સન્માને છે.

ISAS એ ભારતીય વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ માટે આપના વિશિષ્ટ યોગદાનની કદરરૂપે આપને પ્રતિષ્ઠિત ''ISAS આત્મનિર્ભરતા એવોર્ડ– ૨૦૨૫'' એનાયત કરવાનો નિર્ણય લીધો છે.

તેમણે એફલુઅન્ટમાં ક્લોરાઇડની હાજરીથી COD ની ગણતરી પ્રભાવિત થાય છે તે તેમના જાત અનુભવે જોયું અને નિહાળ્યું. અનેક મથામણો પછી તેનો સ્વ ઉકેલ શોધ્યો.

યુએસની APHA દ્વારા પ્રકાશિત" સ્ટાન્ડર્ડ મેથડ્સ"માં દર્શાવેલી COD (Chemical Oxygen Demand) પરીક્ષણ પદ્ધતિમાં, પ્રવાહીના (એફલુએન્ટ) નમૂનાઓમાં વધુ ક્લોરાઇડની હાજરીથી થતા અવરોધને ધ્યાનમાં લેવા માટે કરાયેલ ફેરફાર માટે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. આ ફેરફારને સત્તાવાર રીતે સ્વીકારવામાં આવ્યો છે. વધુ ક્લોરાઇડ ધરાવતા COD વેસ્ટવોટર માટે વર્તમાન COD પદ્ધતિમાં ક્લોરાઇડ અવરોધ ઉભો કરે છે, જ્યારે COD કોઈ ઉદ્યોગમાંથી થતી પ્રદૂષણ ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટેનો મુખ્ય પરિમાણ છે.

સ્ટાન્ડર્ડ મેથડ્સમાં આપવામાં આવેલી પદ્ધતિ સ્પષ્ટ રીતે જણાવે છે કે આ પદ્ધતિ ક્લોરાઇડની સાંદ્રતા 2000 mg/L કરતાં ઓછી હોય ત્યારે જ લાગુ પડે છે. ક્લોરાઇડની સાંદ્રતા 2000 mg/L કરતાં વધુ હોય ત્યારે અન્ય પદ્ધતિઓ અનુસરવાની સૂચના આપવામાં આવી છે.

બાબુભાઇ પટેલ દ્વારા "બેક ટાઇટ્રેશન (Back Titration)" પદ્ધતિ રજૂ કરવામાં આવી, જેમાં પહેલા ક્લોરાઇડનું માપ લેવામાં આવે છે અને ત્યારબાદ COD માપવામાં આવે છે. એફલુએન્ટ નમૂનામાં જેટલી ક્લોરાઇડ સાંદ્રતા હોય એટલી જ ક્લોરાઇડ સાંદ્રતા ધરાવતો એક કૃત્રિમ નમૂનો તૈયાર કરવામાં આવે છે અને તેમાં પણ COD માપવામાં આવે છે. ક્લોરાઇડ નમૂનામાં મળેલો COD મૂળ નમૂનામાં માપવામાં આવેલા CODમાંથી બાદ કરવામાં આવે છે, જેથી વાસ્તવિક (True) COD પ્રાપ્ત થાય છે.

આ સુધારાને વર્ષોની ચર્ચા અને વિચારણા બાદ સ્ટાન્ડર્ડ મેથડ્સ કમિટીએ સ્વીકાર્યો છે અને જાન્યુઆરી ૨૦૨૩માં અમેરિકન પબ્લિક હેલ્થ એસોસિએશન (APHA) અને અમેરિકન વોટર વર્ક્સ એસોસિએશન (AWWA) દ્વારા પ્રકાશિત "સ્ટાન્ડર્ડ મેથડ્સ"ના તાજેતરના ૨૪મા સંસ્કરણમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.













માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામ: મંજુસર, તાલુકો: સાવલી, જિલ્લો: વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રી: જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002